# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### આણંદ-કરમસદ મહાનગરપાલિકામાં બે દિવસથી ચાલતી મડાગાંઠ ઉકલી

# આણંદ મનપામાં ધારાસભ્યની મધ્યસ્થી બાદ કર્મચારીઓની હડતાલ સમેટાઈ

**કર્મચારીઓએ ધારાસભ્ય યોગેશ પટેલ સમક્ષ ઠાલવી વ્યથા**

(પ્રતિનિધિ) આણંદ તા.૭

કરમસદ - આણંદ મહાનગરપાલિકામાં છેલ્લા ૪૮ કલાકથી વેતન સહિતની માગણીને લઈ વહીવટને બાનમાં લેનાર કર્મચારીઓની હડતાલનો આખરે શુક્રવારે સુખદ અંત આવ્યો છે. પડતર માંગણીઓ અને વહીવટી તંત્ર સામેના રોષને પગલે હડતાલ પર ઉતરેલા કર્મચારીઓએ ધારાસભ્યની ખાતરી બાદ મડાગાંઠ ઉકેલી છે અને શનિવારથી જનસેવાના કાર્યો ફરી વેગ પકડશે.



કરમસદ - આણંદ મહાનગરપાલિકામાં હડતાલના બીજા દિવસે પરિસ્થિતિ વણસતી જણાતા કર્મચારીઓએ આણંદના ધારાસભ્ય યોગેશભાઈ પટેલનો સંપર્ક સાધ્યો હતો. ધારાસભ્યએ કર્મચારીઓની રજૂઆતો અને તેમની સંવેદનાઓને ગંભીરતાથી સાંભળી હતી. કર્મચારીઓમાં વ્યાપેલા મનદુઃખ અને તેમની લાંબા સમયની માંગણીઓ અંગે ધારાસભ્યએ હૈયાધારણ આપી હતી કે તેઓ આ પ્રશ્નોને 'યોગ્ય કક્ષાએ' રજૂ કરીને તેનો તાર્કિક અંત લાવશે.

અગાઉ, હડતાલના પ્રારંભિક તબક્કે કર્મચારીઓએ કરમસદ - આણંદ મહાનગરપાલિકાના મેયરને આવેદન પત્ર સુપરત કરી પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું હતું. જોકે, મેયર સ્તરેથી કોઈ નક્કર ઉકેલ ન દેખાતા મામલો ધારાસભ્ય સુધી પહોંચ્યો હતો, જ્યાં અંતે સમાધાનની ફોર્મ્યુલા સફળ રહી હતી. આ મધ્યસ્થી બાદ કર્મચારી આલમમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે, પરંતુ હવે જોવાનું એ રહેશે કે ધારાસભ્ય આ પ્રશ્નોનું નિરાકરણ કેટલા સમયમાં લાવે છે.

**હડતાલનો ઘટનાક્રમ**

- **પ્રથમ તબક્કો:** કર્મચારીઓ દ્વારા મેયરને આવેદન આપી હડતાલનું એલાન.
- **બીજો દિવસ:** વહીવટી કામગીરી ઠપ્પ, ધારાસભ્ય યોગેશ પટેલ સાથે મુલાકાત.
- **નિર્ણાયક વળાંક:** ધારાસભ્ય દ્વારા પ્રશ્નોના ઉકેલ માટે યોગ્ય કક્ષાએ રજૂઆત કરવાની ખાતરી.
- **પરિણામ:** કર્મચારીઓએ હડતાલ સમેટી લેવાની જાહેરાત કરી.

# ચરોતરમાં આગામી પાંચ દિવસ હળવા વરસાદની સંભાવના

**ઉભા પાકમાં રોગ-જીવાત નિયંત્રણ માટે ભલામણ કરાઇ**

**ખેડૂતોને ૧૫મી ઓગસ્ટ સુધીમાં રોપણીની કામગીરી પૂર્ણ કરવા અનુરોધ**

(પ્રતિનિધિ) આણંદ તા.૭

આણંદ કૃષિ યુનિવર્સિટી અને ભારત મૌસમ વિજ્ઞાન વિભાગ દ્વારા આણંદ જિલ્લાના ખેડૂતો માટે આગામી પાંચ દિવસનું હવામાન આધારિત કૃષિ સલાહ બુલેટિન જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી ૦૮થી ૧૨ ઓગસ્ટ દરમિયાન જિલ્લામાં આકાશ મુખ્યત્વે વાદળછાયું રહેશે અને છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ પડવાની સંભાવના છે. આ સમયગાળા દરમિયાન હવામાં ભેજનું પ્રમાણ ૬૦ થી ૮૫ ટકા જેટલું ઊંચું રહેશે, જે ખેતીકાર્યો અને પાક સંરક્ષણ માટે નિર્ણાયક સાબિત થશે.

આ અંગે કૃષિ નિષ્ણાતોએ ખાસ સૂચન કર્યું છે કે, કેળની રોપણી કરતા ખેડૂતોએ ૧૫મી ઓગસ્ટ સુધીમાં પોતાની રોપણીની કામગીરી પૂર્ણ કરી લેવી જોઈએ. વધુમાં, હાલમાં ભેજવાળા વાતાવરણને કારણે મરચીમાં થ્રીપ્સ અને વેલાવાળા શાકભાજીમાં ફળમાખીનો ઉપદ્રવ વધી શકે છે, જેના માટે પ્રાકૃતિક ખેતીના નુસખા જેવા કે દશપર્ણી અર્કનો ઉપયોગ કરવા જણાવાયું છે.

**ખેડૂતો માટે મુખ્ય સૂચનાઓ**

- **પાક સંરક્ષણ:** વરસાદ રોકાયા બાદ અને પવનની ગતિ ઓછી હોય ત્યારે જ જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો અને દવાની સાથે સ્ટીકર (ગુંદરિયું) અવશ્ય વાપરવું.
- **કેળની ખેતી:** જી-૯ જેવી પેશી સંવર્ધન જાતો પસંદ કરી ૧.૮ x ૧.૮ મીટરના અંતરે રોપણી કરવી.
- **ડાંગર અને બાજરી:** ડાંગરની ફેરરોપણીમાં બે હાર વચ્ચે ૨૦ સે.મી. અંતર રાખવું અને બાજરીમાં વરાપ થયે આંતરખેડ કરવી.
- **પશુપાલન:** મેઘગર્જના અને વીજળીના સમયે પશુઓને શેડમાં સુરક્ષિત રાખવા તથા ચોમાસાની શરૂઆતમાં ગળસુંઢો અને ખરવા-મોવાસા જેવી રસી મુકાવવી.

# સંતરામપુર પાસે કારની ટક્કરે કિશોરનું કરુણ મોત

**બેંકના કામે નીકળેલા બે ભાઈઓ વાહનની રાહ જોઈ ઉભા હતા ત્યારે કારે અડફેટે લીધા**

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૭

સંતરામપુરના લૂણાવાડા રોડ પર આવેલા રાણીજીની પાદેડી ગામ નજીક ગુરુવારે સવારે એક કાળજું કંપાવી દે તેવી અકસ્માતની ઘટના સામે આવી છે. પુરઝડપે આવતી એક અજાણી સફેદ કારે રોડની સાઈડમાં ઉભેલા ૧૭ વર્ષીય કિશોરને જોરદાર ટક્કર મારતા તેનું ઘટનાસ્થળે જ દર્દનાક મોત નિપજ્યું છે.

મળતી માહિતી મુજબ, સાતકુંડા ગામે રહેતા કિરણભાઈ અણદાભાઈ બારીઆ અને તેમનો નાનો ભાઈ રાહુલ (ઉં.વ. ૧૭) બેંકમાં કામે જવા માટે સવારે ઘરેથી નીકળ્યા હતા. રાણીજીની પાદેડી પાસે તેઓ સંતરામપુર જવા માટે વાહનની રાહ જોઈને રોડની સાઈડમાં ઉભા હતા. આ દરમિયાન પોણા બારેક વાગ્યાના અરસામાં લૂણાવાડા તરફથી બેફિકરાઈથી આવી પહોંચેલી સફેદ રંગની કારના ચાલકે રાહુલને અડફેટે લીધો હતો.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે રાહુલને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તે લોહીલુહાણ હાલતમાં રોડ પર ઢળી પડ્યો હતો. જ્યારે અકસ્માત સર્જી અજાણ્યો કાર ચાલક ગાડી લઈને સંતરામપુર તરફ નાસી છૂટ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સના કર્મચારીઓએ તપાસીને રાહુલને મૃત જાહેર કર્યો હતો. સંતરામપુર પોલીસે આ અંગે અજાણ્યા કાર ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

### પેટલાદના સુણાવ ગામમાં મધરાતે સ્ટેટ મોનિટરીંગ સેલનો દરોડો, મુખ્ય બે સૂત્રધારો ફરાર

# સુણાવમાં ધમધમતા જુગારના અડ્ડા પરથી ૯ ઈસમોને પોલીસે ઝડપ્યા

**એસએમસીના દરોડામાં ૧૧ લાખનો મુદ્દામાલ કબજે કરાયો**

(પ્રતિનિધિ) પેટલાદ તા.૭

પેટલાદ તાલુકાના સુણાવ સીમ વિસ્તારમાં એક ખેતરમાં ધમધમતા મોટા પાયાના જુગારધામ પર ગાંધીનગર સ્થિત સ્ટેટ મોનિટરિંગ સેલે ઓચિંતો છાપો મારી નવ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. એસએમસીની આ સફળ રેઈડને પગલે સ્થાનિક રૂરલ પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે. પોલીસે ઘટનાસ્થળેથી રોકડ, વાહનો અને મોબાઈલ સહિત કુલ ૧૧ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર જયરાજસિંહ ચાવડા અને તેમની ટીમે સુણાવના સીમ વિસ્તારમાં આવેલા વિપુલ ગોરધનભાઈ ઠાકોરના ખેતરમાં દરોડો પાડ્યો હતો. અહીં અલ્પેશ મફતભાઈ સોલંકી દ્વારા મોટા પાયે જુગારધામ ચલાવવામાં આવતું હતું. જોકે, પોલીસ ત્રાટકતા જ જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. આમ છતાં પોલીસે કોર્ડન કરીને ૯ શખ્સોને ઝડપી લીધા હતા, જ્યારે મુખ્ય સૂત્રધાર વિપુલ ઠાકોર અને અલ્પેશ સોલંકી ફરાર થવામાં સફળ રહ્યા હતા.

આ દરોડાની તપાસ દરમિયાન જુગારધામ પરથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયર પણ મળી આવ્યા હતા, જેના કારણે પોલીસે જુગાર ધારા અને પ્રોહિબિશન હેઠળ ગુનો દાખલ કર્યો છે.

આ સમગ્ર મામલાની વધુ તપાસ આણંદ એલસીબી પોલીસને સોંપવામાં આવી છે. આ દરોડામાં પોલીસની તપાસમાં જુગારધામ પરથી વિદેશી દારૂની વ્હિસ્કી અને બીયરની બોટલો પણ મળી આવી હતી. આ પરથી સ્પષ્ટ થાય છે કે અહીં જુગારની સાથે સાથે દારૂની મહેફિલો પણ જામતી હતી. આ દરોડામાં રોકડા અંદાજે ૧.૫૦ લાખ, ૧ ઈકો ગાડી, ૩ બાઈક, ૫ એક્ટિવા, ૧ ઈલેક્ટ્રિક ટુ વ્હીલર, ૧૧ મોબાઈલ ફોનમળી કુલ રૂ.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**કોણ કોણ ઝડપાયું ?**



રમેશ રમણ ઠાકોર (સુણાવ), ભૂપેન્દ્ર ઉર્ફે ભરત મનુ ઠાકોર (સુણાવ), મૌલિક જયંતિ પટેલ (સોજીત્રા), ઇસ્તિયાક ઇશાક રંગરેજ (ખંભાત), જયદિપ દિલીપ પટેલ (સોજીત્રા), નિખીલ કિરીટભાઈ પટેલ (ખંભાત), કમલેશ કુલચંદ શાહ (ખંભાત), રશ્મિકાંત રામ પટેલ (ગોરેલે), દક્ષેશ હિંમત ગઢવી (આણંદ).

### આણંદ શહેરમાં વરસાદી નુકશાન બાદ રસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે શરૂ



કરમસદ - આણંદ મનપા દ્વારા ચોમાસામાં ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગો પર આધુનિક વેટમિક્સ અને કોલ્ડમિક્સ પેચ મટિરિયલનો ઉપયોગ કરી ખાડા પૂરવાની કામગીરી હાથ ધરાઇ છે. પ્રથમ તબક્કે બોરસદ ચોકડી, ઉમા ભવન રોડ અને વ્યાયામશાળા રોડ જેવા મુખ્ય વિસ્તારોમાં મરામતની પ્રક્રિયા પૂર્ણ ક્ષમતા સાથે શરૂ કરાઇ છે. વાહનચાલકોની સલામતી અને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળે તે હેતુથી ગુણવત્તાયુક્ત કામગીરી કરી રસ્તાઓને ફરી પરિવહન યોગ્ય બનાવાઈ રહ્યા છે. શહેરીજનોને હાલાકી ન પડે તે માટે મનપા તંત્ર દ્વારા તમામ વિસ્તારોમાં પેચવર્કની કામગીરી અવિરતપણે ચાલુ રાખવામાં આવશે.

### તારાપુરના ઇન્દ્રણજ ખાતે 35.20 લાખના વિદેશી દારૂનું નાશ કરાયો



તારાપુર પોલીસ સ્ટેશનના ઇન્દ્રણજ જીઆઈડીસી ખાતે ખંભાત ડિવિઝનના ચાર પોલીસ મથકો દ્વારા વિવિધ દરોડામાં જપ્ત કરવામાં આવેલા પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂનો આજે જાહેર નાશ કરવામાં આવ્યો હતો. આ કામગીરી અંતર્ગત ખંભાત સિટી, રૂરલ, તારાપુર અને વિરસદ પોલીસ સ્ટેશનના કુલ 42 ગુનાઓમાં પકડાયેલી 20,665 દારૂની બોટલોનો નિકાલ કરવામાં આવ્યો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને વહીવટી તંત્રની હાજરીમાં નાશ કરાયેલા આ જથ્થાની કુલ અંદાજિત કિંમત રૂપિયા 35,20,991/- જેટલી થાય છે. આ વેળાએ નાયબ પોલીસ અધિક્ષક એસ.પી. કહાર, પ્રાંત અધિકારી કુંજલ શાહ, નશાબંધી અધિકારી વાનાણી સાહેબ તથા વિવિધ પોલીસ મથકોના પોલીસ ઇન્સ્પેક્ટર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### વા.ચેરમેનની ચૂંટણીમાં પી.આઇ. પટેલનો ભવ્ય વિજય

# કપડવંજ એપીએમસીમાં ભાજપના મેન્ડેટ સામે બળવો

**પ્રદેશના સત્તાવાર ઉમેદવારને માત્ર ૪ મત મળ્યા**

(પ્રતિનિધિ) કપડવંજ તા.૭

કપડવંજ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની સામાન્ય સભામાં વાઈસ ચેરમેનની ચૂંટણી દરમિયાન શિસ્તના લીરેલીરા ઉડ્યા હતા. ભાજપ પ્રદેશ નેતૃત્વ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર મેન્ડેટ સામે પી.આઈ. પટેલે ઉમેદવારી નોંધાવી બળવો કર્યો હતો અને જંગી બહુમતીથી જીત મેળવી પક્ષના આદેશને પડકાર્યો હતો.

કપડવંજ એપીએમસીના ચેરમેન અને વાઈસ ચેરમેન નક્કી કરવા માટે ભાજપ ગુજરાત પ્રદેશ દ્વારા મેન્ડેટ જાહેર કરાયું હતું, જેમાં ચેરમેન તરીકે નિલેશભાઈ મણીભાઈ પટેલ અને વાઈસ ચેરમેન તરીકે દિનેશભાઈ રેવાભાઈ પટેલના નામ નક્કી કરવામાં આવ્યા હતા.

પક્ષની સૂચના અને ધારાસભ્યની અપીલને બાજુ પર મૂકીને પી.આઈ. પટેલે વાઈસ ચેરમેન પદ માટે ઉમેદવારી નોંધાવતા ચૂંટણી અનિવાર્ય બની હતી. કુલ ૧૬ સભ્યો વચ્ચે યોજાયેલા ગુપ્ત મતદાનમાં પી.આઈ. પટેલને ૧૨ મતો મળ્યા હતા, જ્યારે મેન્ડેટ ધરાવતા દિનેશભાઈ પટેલને ફાળે માત્ર 4 મતો આવ્યા હતા. પરિણામે, પી.આઈ. પટેલ વાઈસ ચેરમેન તરીકે વિજેતા જાહેર થયા હતા.આ પરિણામથી સ્થાનિક રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. પ્રદેશ ભાજપના આદેશની અવગણના અને થયેલા શિસ્તભંગ બદલ હવે પક્ષનું મોવડી મંડળ શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# ખેડા જિલ્લામાં ટેકો એપ દ્વારા લાઈવ ટ્રેકિંગના આદેશ સામે રોષ

**ખેડા જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદનપત્ર પાઠવી કર્મચારીઓએ વિરોધ વ્યક્ત કર્યો**

(પ્રતિનિધિ) નડિયાદ તા.૭

ખેડા જિલ્લા પંચાયત કચેરી ખાતે ગુજરાત રાજ્ય આરોગ્ય કર્મચારી મહાસંઘના આહ્વાન પર મોટી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓએ એકત્ર થઈને ટેકો (TECO) એપ્લિકેશનના ફરજિયાત ઉપયોગ સામે પ્રચંડ વિરોધ પ્રદર્શન કર્યું હતું. કર્મચારીઓએ પોતાની પ્રાઈવસી અને અંગત મોબાઈલના ઉપયોગ મુદ્દે જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી છે.



કમિશનરના નવા આદેશ અનુસાર, આરોગ્ય વિભાગના કર્મચારીઓએ હવે ફરજિયાતપણે ટેકો એપ્લિકેશન મારફતે જ કામગીરી કરવાની રહેશે. આમાં કર્મચારીઓએ લાઈવ ટ્રેકિંગ ચાલુ રાખવું પડશે અને કામગીરીના સ્થળના ફોટા પણ અપલોડ કરવાના રહેશે. આરોગ્ય કર્મચારી મહામંડળના મહામંત્રી મનદીપ બ્રહ્મભટ્ટના નેતૃત્વમાં લેવાયેલા નિર્ણય મુજબ, રાજ્યના તમામ 34 જિલ્લાઓના કર્મચારીઓએ આ મુદ્દે એકસૂર વ્યક્ત કર્યો છે. કારોબારી સભામાં લેવાયેલા નિર્ણય મુજબ, ૧લી ઓગસ્ટ ૨૦૨૬થી કોઈપણ કર્મચારીએ આવી એપ ડાઉનલોડ કરવી નહીં, જો એપ ડાઉનલોડ કરેલી હોય તો તેમાં કોઈપણ પ્રકારની એન્ટ્રી કરવી નહીં. જો સરકાર આ આદેશ પર પુનઃવિચારણા નહીં કરે અને પડતર પ્રશ્નોનું નિરાકરણ નહીં લાવે, તો રાજ્યભરની આરોગ્ય સેવાઓ ખોરવાય તેવી પૂરી શક્યતા છે.

# ડાકોરમાં ગાયના છાણ અને જૂના કાર એન્જિનથી વીજળી પેદા થશે

**વિશ્વનો સૌપ્રથમ રિસર્ચ પ્રોજેક્ટ કાર્યરત : પ્રમુખ સ્વામી ફાર્મમાં ભારત-જાપાનનો અનોખો પ્રયોગ**

(પ્રતિનિધિ) આણંદ તા.૭

આણંદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના નેજા હેઠળ ડાકોર સ્થિત 'પ્રમુખ સ્વામી ફાર્મ' ખાતે શુક્રવારે ભારત અને જાપાનના સંયુક્ત સાહસથી એક ઐતિહાસિક રિસર્ચ પ્રોજેક્ટનો પ્રારંભ થયો છે. આ પ્રોજેક્ટ હેઠળ પશુઓના છાણમાંથી બનતા બાયોગેસ દ્વારા વીજળી ઉત્પન્ન કરીને ફાર્મને ઊર્જા ક્ષેત્રે સ્વનિર્ભર બનાવવાનો લક્ષ્યાંક છે. જાપાન સરકારના અર્થતંત્ર, વેપાર અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સ્પોન્સર કરાયેલા આ વિશ્વના સૌપ્રથમ પ્રોજેક્ટની મુલાકાત આજે જાપાની સંશોધકોની ટીમે લીધી હતી.

આ પ્રોજેક્ટની સૌથી વિશિષ્ટ અને આકર્ષક બાબત એ છે કે તેમાં જૂના કાર એન્જિનનો ઉપયોગ કરીને વીજળી પેદા કરવામાં આવે છે. મારુતિ સુઝુકીના સહયોગથી હાથ ધરાયેલી આ પહેલ 'રિસાયકલ ઈકોનોમી' (ચક્રીય અર્થવ્યવસ્થા)નું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આ ટેકનોલોજી દ્વારા માત્ર વીજળી જ નહીં, પરંતુ મિથેન ગેસનું પ્રદૂષણ અટકાવી કાર્બન ડાયોક્સાઈડનું સ્તર ઘટાડવામાં પણ મોટી સફળતા મળશે.

**પ્રોજેક્ટની મુખ્ય વિશેષતાઓ**

- **૫૦થી** વધુ પશુ ધરાવતા ફાર્મ માટે આશીર્વાદરૂપ.
- **ખેડૂતોના** વીજળી ખર્ચમાં મોટો ઘટાડો થશે.
- **ભારત-**જાપાનના જોઈન્ટ ક્રેડિટિંગ મિકેનિઝમ (જેસીએમ) હેઠળ અમલીકરણ.
- **પર્યાવરણની** સુરક્ષા સાથે ગ્રીન એનર્જીનું ઉત્પાદન.



આ પ્રસંગે વરિષ્ઠ સંત ભગવતચરણ સ્વામી અને કોઠારી યજ્ઞસેતુ સ્વામી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. એનડીડીબી અને અમૂલના સક્રિય સહયોગથી આ પ્રોજેક્ટને આકાર આપવામાં આવ્યો છે, જેમાં મુનિ કીર્તન સ્વામી અને અમૂલના કેતનભાઈ પટેલના પ્રયાસો નોંધપાત્ર રહ્યા છે. આ પ્રોજેક્ટ આગામી સમયમાં દેશના ડેરી અને પશુપાલન ક્ષેત્રે ટકાઉ વિકાસ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સાબિત થશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

**આણંદ**
જય એન્ટરપ્રાઈઝ
કિશોર પ્લાઝા,
આણંદ.

**નડિયાદ**
ઈશાન ન્યુઝ પેપર એજન્સી
સાગર ભુવન, ડભાણ
ભાગોળ, નડિયાદ

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**
મો. 99250 30225, મો. 99255 50225